**<u>ડભોઈના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં, મુ. ડભોઈ.</u>**

**ફોજદારી કેસ નંબર–૩૪૫૩/૨૦૨૨**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**<u>વિરુદ્ધ</u>**

**આરોપીઃ–** **નરહરીભાઈ ભીખાભાઈ ચુનારા**

**ગુન્હોઃ–** **<u>ધી પ્રોહી કલમ–૬૬(૧)બી, ૮૫(૧) મુજબ.</u>**

**– <u>ચુકાદો</u> –**

(૧) આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરુદ્ધ ધી પ્રોહી કલમ–૬૬(૧)બી, ૮૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતા તેઓ આજરોજ કોર્ટ રૂબરૂ હાજર થતાં, પોલીસ પેપર્સની નકલ આપી, આ ગુનો તેઓ સ્વેચ્છાએ કબુલાત કરવા માંગે છે તેમ જણાવી, તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય તેમજ તેઓને આ પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં આવો ગુનો ન થાય તેની કાળજી રાખવાનું જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે. આમ, આરોપીની કબુલાત પુરસીસ, સજાની જોગવાઈ, કેસના સંજોગો તેમજ આરોપીપક્ષે કરવામાં આવેલ રજુઆતોને લક્ષમાં લેતાં, આરોપીને હળવી સજા કરી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય જેથી, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– <u>આખરી હુકમ</u> –**

(૩) હાલના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૧ અન્વયે **ધી પ્રોહી કલમ–૬૬(૧)બી, ૮૫(૧)** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ **<u>રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)</u> નો દંડ** કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો, દિન–૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૧** મી, માહે **ફેબ્રુઆરી,** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–ડભોઈ.<br>
તા.૧૧/૦૨/૨૦૨૩<br>
**સ્પેશીયલ સીટીંગ.**

(ક્રિષ્ણા સુધીર ખન્ના)<br>
જીજે ૦૦૮૮૪<br>
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ડભોઈ.